# ગઝલ

દક્ષેશ કોન્ટ્રાક્ટર 'ચાતક' (અમેરીકા)

## મુક્તક

ક્યારે નહીં, કદીનો પ્રશ્ન છે;
ક્ષણની સામે સદીનો પ્રશ્ન છે.
દરીયા સાથે લગ્ન કર્યાં પછી,
આગળ વધાય? નદીનો પ્રશ્ન છે.

## ગઝલ

**(1)**

એક પારેવાથી જો ઉડી શકાયું હોત તો,
પત્રથી હૈયા સુધી પહોંચી શકાયું હોત તો!

માત્ર સરનામું કરીને આંખમાં રાખી મુક્યું,
આંસુનું પરબીડીયું નાખી શકાયું હોત તો!

મહેકને રસ્તાની વચ્ચે આંતરીને બે ઘડી,
ફુલનું સરનામું જો પુછી શકાયું હોત તો!

જીંદગી જીવી જવાનું કૈંક તો બ્હાનું મળત,
સ્વપ્નને અભરાઈ પર મુકી શકાયું હોત તો!

આપણાં હોવાપણાંની વારતાનું શું થતે?
એક પરપોટાથી જો ડુબી શકાયું હોત તો!

જાત બાળી એનો 'ચાતક' વસવસો રહેતે નહીં,
થોડું અજવાળું ઘરે લાવી શકાયું હોત તો.

## (2)

વસવસા આ જીંદગીના સ્હેજ થોડા હોય છે?
વેદનાના દોસ્ત, દસ્તાવેજ થોડા હોય છે?

લાગણી માઝા મુકે ત્યારે જ નીકળે આંસુઓ,
આંખના ખુણે હમેશાં ભેજ થોડાં હોય છે?

પ્રેમ તો પહેલી નજરમાં પાંગરેલી વારતા,
પ્રેમની પ્રસ્તાવનાનાં પેજ થોડાં હોય છે?

પ્રેમમાં ખોટા પડે છે દોસ્ત, બધ્ધાયે ગણીત,
એક વત્તા એક કાયમ બે જ થોડા હોય છે?

હર્ષથી કોઈ લગાવે ગાલ પર ચપટી ગુલાલ,
રંગ કરનારા બધા રંગરેજ થોડા હોય છે?

સોરી કહેવાથીય માફી ના મળે એવું બને,
માફ કરનારા બધા અંગ્રેજ થોડા હોય છે?

પ્રેમમાં 'ચાતક' બીડેલા હોઠ કહી દે છે ઘણું,
હર ખુલાસા સનસનાટીખેજ થોડા હોય છે?

## (3)

અશ્રુઓ જળથી વધારે કૈં નથી,
જીંદગી પળથી વધારે કૈં નથી.

ઉંઘને માનો પથારી જો તમે,
સ્વપ્ન એ સળથી વધારે કૈં નથી.

હસ્તરેખા છે અધુરા દાખલા,
હાથ કાગળથી વધારે કૈં નથી.

હોય ખુદ્દારી જો માનવનું શીખર,
યાચના તળથી વધારે કૈં નથી.

મીત્રતા છાંયે નીતરતાં ઝાડવાં,
શત્રુ બાવળથી વધારે કૈં નથી.

દેહ પીંજર છે ને પંખી પ્રાણનું,
શ્વાસ સાંકળથી વધારે કૈં નથી.

મસ્ત ઝરણાં જેવી 'ચાતક'ની ગઝલ,
'વાહ' ખળખળથી વધારે કૈં નથી.

## (4)

સંબંધોના સગપણમાંથી બ્હાર નીકળવું અઘરું છે,
દોસ્ત, ત્વચાના પ્હેરણમાંથી બ્હાર નીકળવું અઘરું છે.

જે આંખોની અંદર વસતા હોય સુરાલય, સાકી, જામ,
એ આંખોના કામણમાંથી બ્હાર નીકળવું અઘરું છે.

કેમ ફસાયા છે, એની ચર્ચા કરવાનું માંડી વાળ,
કારણ, એના કારણમાંથી બ્હાર નીકળવું અઘરું છે.

ઈશ્વરમાં શ્રદ્ધાનો મતલબ જે કરશે, સારું કરશે,
મીથ્યા હૈયાધારણમાંથી બ્હાર નીકળવું અઘરું છે.

સ્વપ્નાંઓ સાકાર થવામાં મુશ્કેલી તો રહેવાની,
બીડાયેલી પાંપણમાંથી બ્હાર નીકળવું અઘરું છે.

'ચાતક' ના પુછે કોઈને તરસ્યા હોવાનાં કારણ,
એ જાણે છે કે રણમાંથી બ્હાર નીકળવું અઘરું છે.

**(5)**

કૈંક ખીંટીઓ ભલે તૈયાર છે,
ભીંત પર લટકી જવાની વાર છે.

ચાર દીવસ પ્રેમના પુરા થયા,
ચાર એની યાદના ઉધાર છે.

શ્વાસ મેળવવા પડે છે પ્રેમમાં,
કુંડળીઓ મેળવો, બેકાર છે.

હર્ષમાં કે શોકમાં સરખા રહે,
આંસુઓ બહુ ફાંકડા ફનકાર છે.

માત્ર શંકાથી જ એ તુટી ગયા,
કેટલા નાજુક પ્રણયના તાર છે!

મન વીશે થોડું વીચાર્યું, તો થયું,
આ વીચારો કે ફરારી કાર છે?

મોત, 'ચાતક' આવશે પુછ્યા વગર,
દોસ્તનો એ આગવો અધીકાર છે.

## (6)

રુઝાયેલા ઘણાયે જખ્મ આવે છે મને મળવા,
તથાગત થઈ ગયેલા શબ્દ આવે છે મને મળવા.

ત્વચા ને સ્પર્શની વચ્ચે હજુ પણ કૈંક બાકી છે,
હૃદય ધબકાર લઈને રક્ત આવે છે મને મળવા.

હશે કેવા પ્રયત્નો પામવા મંઝીલતણા યારો,
અધીરા થઈ ગયેલાં લક્ષ્ય આવે છે મને મળવા.

કુતુહલથી નીહાળું છું મને, હું રોજ દર્પણમાં,
અજાણ્યા કેટલાયે શખ્શ આવે છે મને મળવા.

કુંવારી લાગણીના હાથ પીળા થઈ જશે જલ્દી,
વીવીધ પ્રસ્તાવ લઈને જખ્મ આવે છે મને મળવા.

તમે ચાલી ગયા તો શું, જરા સમજાવો આંસુને;
અકારણ, સામટા કમબખ્ત આવે છે મને મળવા.

કર્યું છે પાર 'ચાતક' જીંદગીનું રણ મુસીબતથી,
હજીયે ઝાંઝવાંનાં સ્વપ્ન આવે છે મને મળવા.

## (7)

પીડા ક્યાં પુછીને આવે,
ઘર એનું સમજીને આવે!

શાલીનતા તો જુઓ સ્મીતની,
પાંપણ પણ લુંછીને આવે!

પતંગીયાને બેઠું જોતાં,
પાંખ નવી પીંછીને આવે.

માપ લીધું એણે સપનાંનું,
ઉંઘ પછી દરજીને આવે?

'ચાતક' અહીંયા માથું ફોડે,
આઈડીયા સરજી(sirji)ને આવે !
(Idea સેલફોનની જાહેરાત what an idea, sirji! થી પ્રેરીત)

**(8)**

ડાળને છોડી જતાં બેહદ મુંઝાતું હોય છે,
પાન, નક્કી પાનખરથી ભોળવાતું હોય છે.

આંગળી કોની અડે એના ઉપર આધાર છે,
સાવ નાજુક સ્પર્શથી દાઝી જવાતું હોય છે.

બાંકડાની હુંફ, પડછાયો, બગીચાની હવા;
આપણાથી ક્યાં બધું ઘરમાં લવાતું હોય છે!

આપણે જન્મીને માતાની કુખે, બાળક થયા;
કેટલા યત્નો પછી માણસ થવાતું હોય છે!

એ ખરું, આશા જ 'ચાતક'ને જીવાડે રાતદી',
પણ નીરાશામાંય જીવન તો જીવાતું હોય છે!

**(9)**

ઘટે છે કૈંક ઘટનાઓ, તમે જે ચહી નથી હોતી;
અમસ્તી આંખમાં અશ્રુની ખાતાવહી નથી હોતી.

હું તમને પ્રેમ કરવાનો પુરાવો લઈને આવ્યો છું,
મને સમજાય છે વાતો, તમે જે કહી નથી હોતી.

ઘણાં વરસો પછી જોયા તો મનમાં પ્રશ્ન ઉદભવ્યો,
અમુક ચહેરા ઉપર શાને સમયની સહી નથી હોતી?

અને એ યાદ આવ્યું તો ચકાસ્યા મેંય હોઠોને,
સુખદ સ્પર્શોની કોઈપણ નીશાની રહી નથી હોતી.

હું હમણાં 'પ્રેમ' કરવા પર પ્રવચન દઈને આવ્યો છું,
ઘણાં છે દર્દ જેમાં દોસ્ત, આંખો વહી નથી હોતી.

ગઝલ આવે જ છે મળવા સમય પર, પુછ 'ચાતક'ને,
સમયસર આપણે કેવળ કલમને ગ્રહી નથી હોતી.

## (10)

પંથને કાયમ ચરણની ખોજ હોવી જોઈએ,
મંઝીલો પણ રાહબર હો, તો જ હોવી જોઈએ.

જીંદગી દોઝખ ભરેલી હોય તો ચાલી જશે,
કમ-સે-કમ સપનામહીં તો મોજ હોવી જોઈએ.

રોજ ઉગી આથમે એ સુર્યને કહેજો જરા,
ચાંદની મારા ઘરે દરરોજ હોવી જોઈએ.

કોઈ તો કારણ હશે એને વળાવી આ રીતે,
આ નદીઓ બાપને ઘર બોજ હોવી જોઈએ.

એક-બે સપનાં ઝઝુમે કેટલું ‘ચાતક’ અહીં,
જીવવા માટે જરુરી, ફોજ હોવી જોઈએ.

## (11)

ઘરચોળાં ને પાનેતરનાં મેઘધનુષી રંગો ઓઢી, કોઈ હજી પણ રાહ જુએ છે;
આંખોના દરીયામાં મુકી તરતી કૈં સપનાની હોડી, કોઈ હજી પણ રાહ જુએ છે.

શ્વાસ નામનું એક સરોવર કાંઠે આવી છલકાવાની અણી ઉપર છે, (એક તરફ ને) બીજી બાજુ,
બેય અધર, અંગાગ, તરસના ભમ્મરીયાળા કુવા ખોદી, કોઈ હજી પણ રાહ જુએ છે.

સ્પર્શ નામનો રાજકુંવર આવીને એના શ્વેત અશ્વ પર તાણી જાશે, એ આશાએ;
ત્વચા નામની રુપસુંદરી ભીતરથી શણગારી થોડી, કોઈ હજી પણ રાહ જુએ છે.

આંખોનાં ચશ્માં પહેરીને દશ્યોના દરવાજા ઉપર ઉભી ‘ચાતક’ એ જ વીચારે,
આવે છે દોડીને મળવા વીતેલા દીવસોની ટોળી? કોઈ હજી પણ
રાહ જુએ છે?

## (12)

નર મટી નારી થવાનું હોય, એવું કેમ લાગે છે મને?
(આ) બારણું બારી થવાનું હોય, એવું કેમ લાગે છે મને?

એક તો સુરજ ડુબ્યાનો વસવસો છે આંખમાં, એની ઉપર;
આંસુ પણ ભારી થવાનું હોય, એવું કેમ લાગે છે મને?

એક સુખથી સો દુઃખો વચ્ચે જ છે સંભાવનાનો વ્યાપ; પણ
માત્ર ગાંધારી થવાનું હોય, એવું કેમ લાગે છે મને?

આપણે ઈતીહાસ રચવા ક્યાંકથી આવ્યા છીએ પૃથ્વી ઉપર,
હોવું અખબારી થવાનું હોય, એવું કેમ લાગે છે મને?

પીંગળા માની દીધાં મેં શ્વાસનાં અમૃતફળો, ઓ જીંદગી;
ભાગ્ય ઐયારી થવાનું હોય, એવું કેમ લાગે છે મને?

ગાંસડી રુની લઈ 'ચાતક' વીચારે છે બરફના શહેરમાં,
'કોઈ ચીનગારી થવાનું હોય', એવું કેમ લાગે છે મને?'

**દક્ષેશ કોન્ટ્રાક્ટર 'ચાતક'**

@@@


કવીસમ્પર્કઃ

Daxesh Contractor

eMail : daxesh68@yahoo.com

Address: 9091- McBride River, Fountain Valley, CA-92708-USA

Website: www.mitixa.com


@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@


'સન્ડે ઈ.મહેફીલ'- વર્ષ : સોળમું - અંક : 469- January 03, 2021

'ઉંઝાજોડણી'માંઃ અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com


@@@


Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 4,05,12,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,86,15,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 11,32,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 13,60,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@

Happy Christmas to All Our Readers